**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૬૫૬/૨૦૨૩</u>**

**<u>અરજદારની આંક–૦૫ ની કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ (૨૦૦૫) ના નિયમ–૬(૧) કલમ–૨૩ મુજબ વચગાળાના વળતર પેટે આર્થીક સહાયની અરજી લગત હુકમ</u>**

(૧) આ કામના અરજદાર ધ્વારા પારીવારીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ ૨૦૦૫ અને નિયમો ૨૦૦૬ ની કલમ–૧૨ અન્વયે સામાવાળાઓ વિરુધ્ધ અરજી કરવામાં આવેલી છે અને તે અરજી અન્વયે આંક–૦૫ થી વચગાળાના ભરણપોષણની દાદ મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદારના લગ્ન સામાવાળા નં.૧ બાબુ લખમણ વાઘની સાથે તા.૨૯/૦૧/૨૦૧૭ ના રોજ હિન્દુ શાસ્ત્રોકત વિધી તેમજ તેમની જ્ઞાતીના રીતરીવાજ મુજબ અરજદારના માવતરના ઘરે મોટા સમઢીયાળા ગામમાં થયેલા છે. ત્યારથી સામાવાળા નં.૧ અરજદારના કાયદેસરના પતિ થાય છે અને અરજદાર તેમના પત્ની થાય છે તથા સામાવાળા નં.૨ સાસુ, નં.૩ જેઠ, નં.૪, ૫ જેઠાણીઓ થાય છે. તમામ સામાવાળાઓ પાટી ગામમાં તેઓના ઘરે સંયુકત કુટુંબમાં રહે છે. લગ્ન બાદ અરજદાર નં.૧ તથા સામાવાળા નં.૧ નાએ પાટી મુકામે પતિ–પત્ની તરીકેનું લગ્નજીવન શરૂ કરેલુ. અરજદારને લગ્ન બાદ શરૂઆતમાં માત્ર છએક માસ જેટલો સમય સામાવાળાઓએ સારી રીતે રાખેલ. ત્યારબાદ આ કામના તમામ સામાવાળાઓ નં.૨, ૪, ૫ નાઓએ અરજદારને કરીયાવર બાબતે મેણાટોણા મારવાનું શરૂ કરેલુ અને કહેવા લાગેલ કે, ''તું કરીયાવર ખુબ જ ઓછો લાવેલ છો'' તું ભુખેલની દીકરી છો. તારા બાપા સામતભાઇએ કરીયાવરમાં તને કાઇ આપેલ નથી અને તને કાઇ કામ કાજ કરતા પણ આવડતુ નથી. તારી માં જીવુબેને તને કાઇ શીખવાડયુ નથી લાગતુ તેમ કહેતા અરજદારે આ ત્રણેય જણીઓને મેણાટોણા મારવાની ના

પાડતા તેઓને ન ગમતા અરજદારના પતિ તથા જેઠ માણસુરભાઈ સાંજે નોકરી ધંધાએથી ઘરે પરત આવતા તો અરજદાર વિશે ચઢામણી કરી કાન ભંભેરણી કરતા જેથી અરજદારના પતિ તથા જેઠ અરજદારને માં અને બહેનો સામે ભુંડા બોલી બિભત્સ શબ્દોમાં ગાળો આપતા હતા અને સામાવાળા નં.૪, ૫ અરજદારના વાળ પકડીને કહેતી કે, બાબુ આને માર આ સામુ કેમ બોલે છે જેથી અરજદારના પતિ તથા સાસુ લક્ષ્મીબેન એકદમ ઉશ્કેરાટમાં આવી જઈ અરજદારને ઘરમાં લાકડી વડે શરીરે આડેધડ માર મારતા હતા જેથી અરજદાર બચવા માટે રાડારાડ કરતા અરજદારના મોઢે ડુચો આપી દેતા અને અરજદારના જેઠ સામાવાળા નં.૩ માણસુરભાઈ કહેતા કે, બાબુ તુ તો નોકરી કરે છે અને તારી પત્ની અભણ છે આને કાઢી મુકીએ તને અમો પાછો પરણાવીશુ તેમ છતાં અરજદારને એક ભવ માંથી બે ભવ ન કરવા હોય અને આજ નહી તો કાલે સારા વાના થઈ જશે તેમ મન મનાવીને ડરની મારી અરજદાર તેમના તમામ સાસરીયાઓનો શારીરીક માનસીક દુ:ખત્રાસ મુંગા મોઢે સહન કરતા હતા. ત્યારબાદ અરજદારના માવતર તથા અરજદારનો એકનો એક નાનો ભાઈ બાલુ અરજદારના ઘરે પાટી ગામે આવતા અરજદારે આ બનાવની વાત તેઓને કરેલી જેથી તેઓએ અરજદારના સાસરીયાઓને સમજાવેલ. જેથી થોડા દિવસ અરજદારને સારી રીતે રાખીને ફરીથી આ કામના સામાવાળાઓએ કરીયાવર બાબતે મેણાટોણા મારવાનુ શરૂ કરી દીધેલ અને અરજદારને તેમના માવતરે ત્રણેક વખત મારકુટ કરીને કાઢી મુકેલ અને દરેક વખતે અરજદારના માવતરે આવીને ફરીથી આવુ નહી કરીએ તેમ સારી રીતે રાખવાની મૌખીક ખાતરી આપી અરજદારના માવતરેથી તેમને ત્યાં ઘરે તેડી જતા અને થોડા દિવસમાં ફરી પાછા અરજદારને કરીયાવર બાબતે મેણાટોણા બોલી ગાળો આપવાનુ શરૂ કરી દેતા હતા. જેથી અરજદાર ગાળો બોલવાની ના પાડતા અરજદારને તેમના પતિ તથા બંને જેઠાણીઓ આડેધડ શરીરે લાકડીથી તેમજ ઢીકાપાટુથી માર મારવાનું શરૂ રાખતા હતા. અરજદારને તેમના પતિએ જોરથી મોઢા ઉપર જાપટ મારી દીધેલ અને અરજદારના ડાબા કાનને ફણા તોડી નાખેલો. ત્યારે અરજદાર પાસે મોબાઈલ ન હોય જેથી અરજદાર તેના પતિને કહેતા કે

મને મારા માવતર સાથે વાત કરવી છે મોબાઇલ આપો તેમ છતાં અરજદારને મોબાઇલમાં તેણીના માવતર સાથે વાત કરવા દેતા નહી અને ઉશ્કેરાઇ જઇ જેમ ફાવે તેમ ગાળો કાઢીને સતત રીતે માર મારી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ ગુજારવાનું શરૂ રાખતા હતા. અરજદારને પુરતુ જમવાનું આપતા નહી, કયાંય જવા દેતા નહી અને અરજદાર ઉપર શંકાકુશંકાઓ કરતા હતા. અરજદારને ઘરમાં નોકરાણીની જેમ સતત ઘરનું તેમજ સીમનું ખેતીનું તેમજ ઢોરના વાસીન્દા વિગેરે કામ જ કરાવ્યા કરતા હતા પરંતુ અરજદારને તેમના પતિ સાથે ઘર સંસાર ચલાવવો હોય અને અરજદારના પતિ પાટી માધ્યમીક શાળામાં સરકારી મુખ્ય શિક્ષક (આચાર્ય) તરીકેની કાયમી નોકરી કરતા હોય તેમની નોકરી તથા આબરૂને કોઇ ઠેસ ન પહોચે તેવા શુભ હેતુથી અરજદારે તેમના ગરીબ માવતરની આબરૂ અને સારા સંસ્કારને લીધે કોઇ પોલીસ ફરીયાદ કરેલ નથી. ત્યારબાદ એક દિવસ અરજદારે સાંજના સમયે રાત્રીના ભોજન માટે ભીંડાનું શાક બનાવેલ અને ઘરમાં આઘાપાછા બીજુ કામ કરતા હતા ત્યારે અરજદારની આ બંને જેઠાણીઓ કુંવરબેન તથા દયાબેને આ ભીંડાના શાકમાં કાંઇક નાખી દીધેલ હોય જે શાક અરજદારે તથા સામાવાળા નં.ર અરજદારના સાસુ તથા અરજદારના પતિએ ખાધેલુ જેથી તેઓ ત્રણેય જણાએ શાક ખાધા બાદ તેઓને ફુડ પોઇઝન થઇ ગયેલુ અને અરજદારની જેઠાણીઓ તથા જેઠે આ શાક ખાધેલુ નહી. જેનો આક્ષેપ તમામ સામાવાળાઓએ અરજદાર ઉપર નાખેલો. ત્યારે અરજદારે કહેલુ કે મે આવુ કાઇ કર્યુ નથી તમો ખોટો આક્ષેપ નાખોમા મને ન રાખવી હોય તો મારી નાખો બીજુ શું મે આવુ કાઇ કર્યુ હોય તો હું થોડી ખાવ તેમ કહેતા આ કામના તમામ સામાવાળાઓએ એકદમ ઉશ્કેરાઇ જઇ અરજદારને શરીરે તથા કમરના ભાગે આડેધડ ઢીકાપાટુનો મુંઢ માર મારેલો અને જેમ ફાવે તેમ ભુંડા બોલી બીભત્સ શબ્દોમાં ગાળો બોલવા લાગેલ અને કહેલુ કે અમારે તને જોઇતી નથી અહીથી જતી રહે જો પાછી આવી છે તો હવે તને જાનથી મારી નાખીશુ. આમ, અરજદારને જાનથી મારી નાખવાની ધમકી આપી માત્ર પહેરેલ કપડે નિરાધાર અવસ્થામાં અરજદારનો તીરસ્કાર કરી તમામ કરીયાવર રાખી લઇ તેના માવતરે કાઢી મુકેલ છે. આમ,

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૬૫૬/૨૦૨૩</u>**

**આંક–૦૫ ની અરજી નીચે હુકમ**

અરજદાર તમામ સામાવાળાઓના ઘરે ચાર દીવાલોની વચ્ચે ઘરેલુ હિંસાનો ભોગ બનેલ છે. આ કામના સામાવાળાઓને ત્યાં અરજદારની જાનનું જોખમ છે. અરજદારના કોઈપણ વાંક ગુના વગર તેમના માવતરે અરજદારને કાઢી મુકતા ત્યારથી તેણી તેના માવતરે ઓશીયાળુ જીવન ગુજારે છે અને સામાવાળાઓ અરજદારને તેડવા આવેલ નથી અને પોતાની જવાબદારીઓ નીભાવેલ નથી અને વાતોવાતથી કહે છે કે હવે સુમલને તેડવી નથી છુટાછેડા કરી નાખવાના છે. આ કામના સામાવાળા નં.૧ શરીરે સશકત અને તંદુરસ્ત છે. સામાવાળા નં.૧ અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના પાટી ગામમાં માધ્યમીક શાળામાં મુખ્ય શિક્ષક (આચાર્ય) તરીકેની કાયમી ધોરણે સરકારી નોકરી કરે છે અને તેમનો માસીક પગાર આશરે રૂા.૮૦,૦૦૦/– ઉપરાંત છે. તેમજ પાટી ગામની સીમમાં ખેતીની પિયતની જમીન આશરે ૧૫૦ વિઘા આવેલી છે. જે જમીન માંથી શિયાળુ, ઉનાળુ, ચોમાસુ પાક ઉત્પન્ન કરી વાર્ષીક આવક રૂા.૩૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ લાખ) ઉપરાંતની આવક મેળવે છે. તેમજ તેઓને પાટી ગામમાં ૮ (આઠ) પાકા મકાનો તેમજ ટ્રેકટર, ટ્રોલી, ખેતીના તમામ સાધનો, આઠ ભેસો, બે બળદો, બે મોટર સાયકલો વિગેરે આવેલ છે. આમ, સામાવાળાઓ સાધન સંપન્ન સુખી છે. અરજદાર સામાવાળાઓની તમામ આવકોના સ્ત્રોત મુજબ એક નોકરીયાતના પત્ની તરીકે ઉચ્ચ જીવનધોરણ જીવવા માંગે છે અને તે રીતે સામાવાળાઓ અરજદારનું ખુબ જ સારી રીતે ભરણપોષણ, મકાન ભાડાની રકમ તેમજ માનસીક યાતનાઓના વળતર તેમજ હાલના કેસનો તમામ ખર્ચ, વકીલ ફી વિગેરે કાયદેસરની તમામ અરજદારના જીવન ધોરણ પ્રમાણેના વળતરની તમામ રકમો ચુકવવા તથા વ્યવસ્થા કરવા કાયદેસર રીતે બંધાયેલા છે. અરજદારના માવતરની આર્થીક પરીસ્થીતી ખુબ જ નબળી છે. અરજદારના પિતાશ્રી અપંગ થઈ ગયેલા છે. અરજદારને આજની કપરી મોંઘવારીમાં જીવન ટકાવી રાખવા દવા, પોષ્ટીક આહાર, કપડા, લતા જેવી અનેક જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પુરી પાડવા હાલ પુરતુ વચગાળાના વળતરની રકમ રૂા.૧૫,૦૦૦/– રકમની જરૂરીયાત છે. આ કામના સામાવાળાઓ હિન્દુ અવિભકત કુટુંબના સભ્યો છે તથા મજીયારી

મિલકત તેમજ આવક ધરાવે છે જે હકકના ભાગ રૂપે અરજદારને વળતર આપવા માટે કાયદાકીય રીતે સામાવાળાઓની નૈતિક ફરજ હોવા છતાં સામાવાળાઓએ આજદીન સુધી અરજદારને પોતાની પત્ની તેમજ પુત્રવધુ તરીકેની ફરજો નીભાવેલ નથી. તેમજ સામાવાળાઓ અરજદારને માંગ્યા મુજબની વચગાળાની વળતરની રકમ ચુકવી શકે તેવી આર્થીક મજબુત સ્થીતીમાં છે જે ચુકવવા સામાવાળા કાયદેસર રીતે બંધાયેલા છે. તેમ જણાવી દાદ માંગલ છે કે, (અ) અરજદારને આ કામના સામાવાળા પાસેથી અરજી કર્યા તારીખથી ભરણપોષણ વિગેરેના વચગાળાના વળતર પેટેની પ્રત્યેક માસની રકમ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર) ચડયે ચડયા અરજદારની મુળ અરજીનો આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી ચુકવી આપે તેવો હુકમ કરવા તથા (બ) અરજદારને સામાવાળાઓ પાસેથી અરજીનો મહતમ ખર્ચ અલગથી અપાવવા તથા (ક) આ કામના સામાવાળાઓ પાસેથી આ અરજીને મળી શકતી તમામ આનુષાંગીક તમામ સઘળી દાદ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે અરજદારની અરજી આવ્યા બાદ અરજી લગત પ્રોટેકશન ઓફીસરનો અભિપ્રાય મંગાવવામાં આવેલ જે આ કામે રજુ કરવામાં આવેલ છે.

(૪) પ્રોટેકશન ઓફીસરનો અભિપ્રાય આવ્યા બાદ આ કામના સામાવાળાઓ વિરુધ્ધ નામદાર કોર્ટ ધ્વારા નોટીસની બજવણી કરવામાં આવેલ જે નોટીસ સામાવાળાઓને બજી જતા સામાવાળાઓ પોતાના વકીલશ્રી મારફત હાજર થયેલ છે. સામાવાળાઓ ધ્વારા આંક-૧૬ થી અરજદારની વચગાળાની અરજીનો લેખીત જવાબ આપવામાં આવેલ છે. જેમાં અરજદારની વચગાળાની અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, અરજદારના પિતાને સારી એવી ખેતીની જમીન છે. અરજદાર ખુદ કમાય છે. ખેતી કામની મજુરી કરીને પણ કમાય છે તથા અરજદાર બ્યુટી

પાર્લર તથા મહેંદી લગાવવાનું કામ કાજ ગામડે ગામડે કરે છે અને મહિને રૂા.૨૦,૦૦૦/– થી રૂા.૨૫,૦૦૦/– કમાય છે. અરજદાર આશરે ૫ વર્ષથી માવતરે રહે છે અને મરજીથી રહે છે અને અરજીનું કારણ ૧ વર્ષનું બતાવીને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા અરજી કરેલી છે. સામાવાળાના માતાને કેન્સરની બીમારી છે. ભાભી વિધવા છે. તેમના સંતાનો અભ્યાસ કરે છે. તેમની વિદ્યા અભ્યાસ, માતાના માસીક રૂા.૧૦,૦૦૦/– ઉપરાંતનો ખર્ચ વિમાની રકમ રૂા.૫૭,૦૦૦/– તથા ભાભી, બાળકો, માતાના ભરણપોષણની જવાબદારી સામાવાળાના શીરે છે. જો આ કામમાં વચગાળાનો હુકમ કરવામાં આવશે તો સામાવાળા નં.૧ ને પારાવાર નુકશાન થશે અને માતાની કેન્સરની દવા, વિધવા ભાભીના ભરણપોષણ તથા તેમના સંતાનોના શિક્ષણ ખર્ચમાં મોટી મુશ્કેલી વધશે જેથી હાલની આંક–૫ ની વચગાળાની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) આ કામના અરજદારના વિ.વ.શ્રીએ હાલની વચગાળાની અરજીના સમર્થનમાં આંક–૧૯ થી લેખીત દલીલ રજુ કરેલ છે. જે વંચાણે લીધી. તેમજ સામાવાળા તરફે આંક–૨૪ થી લેખીત દલીલ રજુ કરેલ છે. જે વંચાણે લીધી તેમજ નામદાર દિલ્હી હાઈકોર્ટના નીચેના ચુકાદા વંચાણે લીધેલ છે.

**<u>Interim Maintenance Sought U/S.23 Of DV Act Can't Be Denied Unless It Is Proved That Wife Is Gainfully Employed:Delhi HC</u>**

The Delhi High Court has held that once interim maintenance is sought by a wife under Section 23 of the Protection of Women from Domestic Violence Act, 2005, it cannot be denied to her unless she is gainfully employed drawing a salary.

Justice Sanjeev Sachdeva was hearing a criminal review petition filed by one Kanupriya Sharma, challenging an order of the appellate court wherein an order awarding interim maintenance to Kanupriya of Rs.16,500 per month was set aside. Case Background According to the petitioner, she got married to her husband on February 14, 2015, and the bride's parents spent lavishly fulfilling all the demands of her husband and his family.

She was residing in her matrimonial home in Muradnagar, Uttar Pradesh, along with her husband and his family. She alleged cruelty by her in-laws who were dissatisfied with the dowry articles. Further, it was alleged that all her jewellery articles and Istridhan (dowry) were taken by her in-laws on the pretext of keeping them safe in a bank locker.

It was also alleged that Kanupriya was consistently harassed by her husband and her in-laws. One day, Kanupriya's husband left the matrimonial house in Muradnagar, Ghaziabad, and started living in Pune and refused to return to the matrimonial home. Subsequently, when the petitioner went to live with her husband in Pune, she came to know that he was living in a flat which was in a dilapidated condition and did not even have separate toilet facilities; however, she was forced to live with her husband there. It is alleged that she was also neglected because of which she became unwell and was forced to leave her matrimonial home and live with her parents in

Muradnagar. Thereafter she shifted to Laxmi Nagar, Delhi, as she was preparing for bank examination.

The petitioner filed an application under Section 23 of the DV Act for interim maintenance and in an order dated June 26, 2018, the trial court granted interim maintenance of Rs.16,500. The husband filed an appeal in the appellate court and the order of maintenance was reversed. This reversal was challenged before the high court by the petitioner.

Submissions and Judgment

Advocate KK Sharma appeared for the petitioner and the husband (respondent number 2) was represented by Advocate Tushar Sannu. Sannu submitted that the petitioner was gainfully employed and had been working in Aastha Infracity Ltd. Further, he said that his client's uncle had managed to get Kanupriya a job in Indian Railways and that she was receiving salary therefrom, whereas KK Sharma informed the court that his client was not gainfully employed. He submitted that the petitioner had made several attempts to secure employment but was unable to do so. Neither has she ever worked with the Indian Railways, Sharma said. Further, Sharma said that the husband's (respondent number 2) uncle had fraudulently secured employment in her name in Indian Railways from which salary was being credited to an account

opened in her name and the money deposited in the said account was being debited by the uncle and credited to his son's account.

The court observed–

"There is no material produced by Respondent no. 2 either before the Trial Court, Appellate Court or before this court to show that the Petitioner, in fact, had secured any employment or was receiving any salary or income. An application under Section 23(1) of the D.V. Act is an application for fixing interim maintenance. Interim maintenance is fixed on taking a prima facie view of the matter. Serious disputed questions of facts raised at that stage, requiring evidence cannot be gone into. Unless undisputed evidence is produced by the husband clearly establishing that the wife is gainfully employed, relief of interim maintenance cannot be declined."

The bench further noted–

"As noticed above, no material has been produced by Respondent no. 2 to show that the Petitioner is gainfully employed or receiving any salary and actually earning. The pleas raised by the Respondent no. 2 would be required to be established at trial. Till Respondent no. 2 establishes by leading cogent evidence that Petitioner is gainfully employed and receiving salary, there is no justification to deny maintenance to the Petitioner-wife."

Thus, the petition was allowed and the trial court's order awarding maintenance of Rs.16,500 per month for the wife was restored.

**The Delhi High Court has recently observed that an order for interim maintenance can be granted merely upon the satisfaction of the Court that the application by the wife prima facie disclosed the commission of domestic violence.**

"While the veracity of the case of the wife would be tested during the course of trial, interim relief can be granted merely upon the satisfaction that the application by the wife prima facie disclosed the commission of domestic violence," Justice Amit Mahajan said. The Court observed that any woman who proves that she has suffered domestic violence at the hands of her spouse or partner is entitled for interim relief under the Domestic Violence Act.

The observations were made while dealing with a wife's plea challenging an order modifying an MM Court order which directed the husband to bear the college fees of the younger son and pay a monthly sum of Rs. 25,000 to her. Vide the impugned order, the Appellate Court directed the parties to negotiate an arrangement whereby the wife was to give the property in her possession on rent to the husband. It was directed that the wife, instead of being dependent on the husband for maintenance, would become an

independent person having her own independent source of income through rent.

Setting aside the impugned order, the Court observed that an order of interim maintenance cannot be passed in a manner that would compel the wife to perform an act as a condition precedent to her entitlement to maintenance. "Consequently, the learned MM, noting the prima facie commission of domestic violence had directed the respondent to pay interim maintenance to the tune of ₹25,000/- to the petitioner," the Court said. It added that the Appellate Court could not have obligated the parties to enter into an arrangement whereby the wife gave her property on rent to the husband. "The Court only had to decide the prima facie entitlement of the wife to the maintenance and its quantum. The only requirement for grant of interim relief under the DV Act is that the application by the wife ought to prima facie disclose the commission of domestic violence. The learned Appellate Court, therefore, in an appeal preferred against the order passed by the learned Magistrate, had only to pass an order in regard to the correctness or otherwise of the order challenged," the Court said.

It concluded that the aggrieved wife cannot be compelled to enter into a contractual arrangement whereby she is placed under an obligation to rent her property to the husband and have her own independent source of income through rent.

"In the light of the foregoing discussion, the impugned order is set aside. This Court deems it expedient to restore the appeal filed by the respondent and remand the matter to the learned Appellate Court for hearing the appeal afresh," it said.

Title: X v. Y

Citation: 2025 LiveLaw (Del) 34

(૬) આ કામે અરજી નિર્ણીત કરતા પહેલા એ હકીકત ધ્યાને લેવી જરૂરી છે કે, આ કામના અરજદાર એ સામાવાળાના પત્ની છે. આમ, સામાવાળા નં.૧ સાથે અરજદાર ડોમેસ્ટીક રીલેશનશીપમાં રહેતા આવેલા છે. આમ, અરજદાર તથા સામાવાળા નં.૧ એક જ કુટુંબમાં અને એક જ છત નીચે સાથે રહેલા છે.

(૬.૧) વધુમાં અરજીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, આ કામના અરજદારના લગ્ન સામાવાળા નં.૧ સાથે થયેલા હોવા બાબતે કોઈ તકરાર રહેલી નથી. વધુમાં સામાવાળા નં.૧ દ્વારા પણ અરજદાર તેઓના પત્ની નથી તેવી કોઈ તકરાર લેવામાં આવેલી નથી. સામાવાળા દ્વારા તેઓના જવાબમાં અરજદારે સામાવાળા સામે ખોટી હકીકતોવાળી હાલની અરજી કરેલ હોવાનું અને અરજદાર તેમના માવતરે તેમની મરજીથી ૫ વર્ષથી રહેતા હોવાનું જણાવેલ છે. અરજદાર પક્ષે એવી તકરાર લેવામાં આવી છે કે, સામાવાળાઓએ તેઓને શારિરીક માનસિક દુઃખત્રાસ આપેલ છે. હાલ વચગાળાની અરજી નિર્ણીત કરવાની છે. આ તબક્કે કોઈ પુરાવો બંન્ને પક્ષોએ રજુ થયેલ હોય નહીં, માત્ર બંન્ને પક્ષોના પ્લીડીંગ તેમજ રજુ દસ્તાવેજી પુરાવાઓ પરથી વચગાળાની કોઈ રાહત અરજદારને મળવાપાત્ર છે કે કેમ? તે બાબતે નિર્ણીત કરવાનું રહે છે. આ કામે અરજદારની અરજી દાખલ થયા બાદ પ્રોટેક્શન ઓફીસરનો રીપોર્ટ નામદાર કોર્ટ દ્વારા મંગાવવામાં આવેલો અને પ્રોટેક્શન ઓફીસર દ્વારા તેઓનો જે રીપોર્ટ આપવામાં આવેલો છે તે રીપોર્ટમાં અરજદારની અરજીને સમર્થનકારી રીપોર્ટ આપેલ છે.

(૬.૨) ઘરેલુ હિંસાનો કાયદો ધ્યાને લેવામાં આવે અને ઘરેલુ હિંસાનો કાયદો ઘડવાનો હેતુ જોવામાં આવે તો જે સ્ત્રીઓ કુટુંબમાં થતી કોઈપણ પ્રકારની હિંસાનો ભોગ બની હોય તેમના માટે બંધારણ હેઠળ સ્ત્રીઓના હક્કોના અસરકારક રક્ષણ માટે હાલનો કાયદો ઘડવામાં આવેલો છે. આ કાયદા પ્રમાણે કુટુંબના કોઈપણ પુખ્ત સભ્ય દ્વારા કરવામાં આવતુ કોઈપણ નુકશાન, સ્વાસ્થ્ય, સલામતી, જીંદગી, અવયવ અથવા કલ્યાણને હાની અથવા અન્ય કોઇ કૃત્ય અથવા ધમકી અથવા બળપ્રયોગ વિગેરેથી ઘરેલુ હિંસા ઉદ્ધભવે છે. કોઈપણ સ્ત્રી જે ઘરેલુ અથવા કૌટુંબીક સંબંધમાં છે અથવા રહી હતી અને તેણી ઘરેલુ હિંસાનો ભોગ બની હોય તો તે સ્ત્રી ફરિયાદ કરી શકે છે. આ કાયદા હેઠળ ઘરેલુ હિંસામાં ખરેખરની શારિરીક, જાતીય, શાબ્દીક, લાગણીની અથવા આર્થિક હિંસા અથવા તેવી હિંસા કરવાની ધમકી આપવાનો પણ સમાવેશ થાય છે. વધુમાં, આ કાયદા હેઠળ સ્ત્રી અથવા તેણીનાં સગા પાસે દહેજની ગેરકાયદેસર માંગણી કરીને ત્રાસ આપવાના ગુન્હાને પણ આવરી લેવામાં આવ્યો છે. કુટુંબમાં થતી કોઈપણ પ્રકારની હિંસા કે તેને લગતી અન્ય બાબતો અથવા તેને આનુસંગીક બાબતોથી ભોગ બનનાર સ્ત્રીઓ તેમના બંધારણના હક્કોના રક્ષણની ખાતરી આપવામાં આવેલ છે અને તેમના અધિકારોને વધુ અસરકારક સુરક્ષા માટેની જોગવાઈ આ કાયદા દ્વારા આપવામાં આવેલી છે. ઘરેલુ હિંસામાં શારિરીક, શાબ્દીક અને ભાવનાત્મક ત્રાસ, આર્થિક ત્રાસ જેમાં કોઈપણ અથવા તમામ આર્થિક અથવા નાણાંકીય સ્ત્રોતથી વ્યથિત વ્યક્તિને વંચીત રાખવામાં આવેલી હોય તેનો સમાવેશ થાય છે. વધુમાં, ઘરેલુ હિંસા એ એવા પ્રકારની હિંસા છે જે ત્યારે આચરવામાં આવે છે જ્યારે પક્ષકારો એક જ મકાનમાં ઘરેલુ સંબંધમાં રહેતા હોય.

(૬.૩) આ કામે અરજદારના સામાવાળા નં.૧ પતિ થતા હોવા બાબતે કોઈ તકરાર રહેલી નથી. તે ઉપરાંત અરજદારની અરજીની હકીકતો પ્રમાણે સામાવાળાઓ દ્વારા અરજદારને જે ત્રાસ આપવામાં આવેલો છે તે કૌટુંબીક હિંસામાં તેનો સમાવેશ થાય છે કે કેમ

તે પુરાવાનો વિષય છે. અરજદારના પતિ તથા ઘરના સભ્યો દ્વારા અરજદારને અવારનવાર શારિરીક તથા માનસિક યાતનાઓ આપેલ હોવાનું અરજદારની અરજીની હકીકત તથા પ્રોટેક્શન ઓફીસરના અભિપ્રાય પરથી પ્રાયમાફેસી જણાય આવે છે. આ કામે અરજદાર દ્વારા તેઓની અરજીમાં સામાવાળાઓની સામે જે આક્ષેપો કરેલા છે અને સામાવાળા નં.૧ ની આવક બાબતે જે કથનો કરેલા છે તે સંબંધે અરજદાર દ્વારા આંક–૧૭ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે અને માર્ક ૧૭/૧ થી સામાવાળા નં.૧ સરકારી માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શાળા, પાટી મુકામે મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય અને તેઓનો ડીસેમ્બર–૨૦૨૩ નો મુળ પગાર રૂા.૪૧,૧૦૦/– છે તે મુજબનો તા.૨૭/૦૭/૨૦૨૪ ના રોજનો શાળાનો દાખલો રજુ કરેલ છે. એટલે કે તા.૨૭/૦૭/૨૦૨૪ ના રોજ જે શાળાનો દાખલો આપવામાં આવેલ છે તેમાં ડીસેમ્બર–૨૦૨૩ નો મુળ પગાર રૂા.૪૧,૧૦૦/– દર્શાવેલ છે. મતલબ કે, હાલની પરીસ્થીતી જોતા એટલે કે સને ૨૦૨૫ માં સામાવાળાના મુળ પગારમાં પણ વધારો થયેલ હોય તે માનવાને કારણ રહે છે. વધુમાં, સામાવાળા તરફે આંક–૧૬ થી રજુ કરવામાં આવેલ હાલની અરજીના વાંધા જવાબમાં પણ અરજદાર તરફે રજુ કરવામાં આવેલ હાલની વચગાળાની અરજીની હકીકતોને પડકારવામાં આવેલ નથી. વધુમાં, અરજદાર પણ ખેત મજુરી કરીને અને ગામડે ગામડે બ્યુટી પાર્લર તથા મહેંદી લગાવવાનું કામ કાજ કરી મહિને રૂા.૨૦,૦૦૦/– થી રૂા.૨૫,૦૦૦/– કમાતા હોવાનું જણાવેલ છે પરંતુ આ સંબંધે સામાવાળાના મૌખિક આક્ષેપ સિવાય બીજો કોઇ પુરાવો નથી. વધુમાં હાલની અરજી દાખલ કર્યા બાદ આ કામના સામાવાળાએ અરજદારને ભરણપોષણની કોઇ રકમ ચુકવેલ હોય તેવું જણાઇ આવતુ નથી.

**(૬.૪)** અરજદાર એ સ્ત્રી છે. જે સંજોગો જોતા હાલના તબક્કે અરજદારને જીવન નિર્વાહ ચલાવવા નાણાંની જરૂર પડે. સામાવાળા નં.૧ કે જેઓ સરકારી કર્મચારી છે અને સરકારી માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શાળા, પાટી મુકામે મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને તેઓનો ડીસેમ્બર–૨૦૨૩ નો મુળ પગાર રૂા.૪૧,૧૦૦/– આવેલ છે

અને હાલ આ વચગાળાની અરજીના નિર્ણય સમયે તેઓનો મુળ પગાર ડીસેમ્બર–૨૦૨૩ ના મુળ પગાર કરતા વધારે હોય તેવું માનવાને કારણ છે.

**(૬.૫)** આ કામે ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ છે. અરજદાર દ્વારા જે હકીકતે રૂા.૧૫,૦૦૦/– વચગાળાના તબક્કે માંગેલ હોય તે વ્યાજબી માની શકાય તેમ નથી. હજુ બંન્ને પક્ષે રેકર્ડ પર પુરાવો આવવાનો પણ બાકી છે. જેથી ઉપરોક્ત તમામ સંજોગો તથા અરજદારની હાલની જીવનશૈલીને ધ્યાનમાં લઇ ઉપરોક્ત કાયદાકીય જોગવાઇ મુજબ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–।। હુકમ ।।–</u>

**૧.** આ કામે અરજદારની ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ ૨૦૦૫ ના નિયમ ૬(૧) કલમ–૨૩ મુજબની વચગાળાની અરજીની માંગણી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

**૨.** આ કામના સામાવાળા નં. ૧ નાઓએ અરજદારને વચગાળાની રાહત પેટે માસિક રૂા.૬,૦૦૦/– (અંકે રૂપિયા છ હજાર પુરા) અરજીની તારીખથી સદરહું કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** બંન્ને પક્ષે બનતી ત્વરાએ પુરાવો રજુ કરવો અને કેસની ન્યાયિક કાર્યવાહીમાં યોગ્ય સહકાર આપવો.

**૪.** આ હુકમની એક નકલ અરજદારને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તારીખ–૨૪ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૫ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ઉના<br>
તારીખ :૨૪/૦૭/૨૦૨૫

(જયેશભાઇ કાભઇભાઇ ખાંટ)<br>
એડીશ્નલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, ઉના<br>
કોડ નંબર – જી.જે.૦૧૦૮૬

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૬૫૬/૨૦૨૩</u>**

**આંક–૦૫ ની અરજી નીચે હુકમ**